| | | | | |
|---|---|---|---|---|
| રજુ તારીખ | : | ૨૧/૦૩/૨૦૨૩ | | |
| દાખલ તારીખ | : | ૨૧/૦૩/૨૦૨૩ | | |
| ફેંસલ તારીખ | : | ૩૦/૦૩/૨૦૨૬ | | |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૩ | ૦૦ | ૦૯ |

**વાગરાનાં મહે. એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,**

**મુ. વાગરા.**

**ફોજદારી કેસ નંબર : ૯૩૭/૨૦૨૩**

**આંક :– ૩૧**

**ફરીયાદી :** શ્રી સરકાર,
દહેજ પોલીસ સ્ટેશન,
તા. વાગરા, જિ. ભરૂચ.

**વિરુધ્ધ.**

**આરોપી :** (૧) **યશપાલભાઈ હસમુખભાઈ શિયાળ,**
હાલ રહે. પુષ્ટી હોસ્પીટલ, વિશ્રામ કોમ્પલેક્ષ,
ઝાડેશ્વર, તા. જિ. ભરૂચ.
મુળ રહે. મકાન નં. ૫૯, મીરા પાર્ક સોસાયટી, ક્રિષ્ના
ટાઉનશીપની પાસે, ઘોઘા જકાતનાતા,
તા. જિ. ભાવનગર.

(૨) **પવનસિંહ ઓમપ્રકાશસિંગ રાણા,**
હાલ રહે. ગલેન્ડા, આદીત્ય ઈન્ફ્રા. કંપનીમાં,
તા. વાગરા, જિ. ભરૂચ.
મુળ રહે. લાડપુર, મકાન નં. ૬૮, પોસ્ટ ઘોસી,
થાના–કોપાગંજ, જિ. મહુ, (ઉતરપ્રદેશ)

(૩) **ભેમજીભાઈ ઉર્ફે ભરતભાઈ લાધાભાઈ પટેલ,**
હાલ રહે. બી/૪૧, મંગલજોત સોસાયટી,
શ્રવણ ચોકડી, ભરૂચ.
મુળ રહે. ટોભા પટેલવાસ, પોસ્ટ. બાલુત્રી, તા. વાવ,
થાના–માવસરી, જિ. બનાસકાંઠા.

**ગુન્હો : ઈ.પી.કો. કલમ–૪૦૮, ૨, ૧૨૦(બી) મુજબ**

| |
|---|
| // ફરીયાદી તરફે વિ. એ.પી.પી.................. શ્રી જે. જી. વસાવા // |
| //આરોપી નં. ૧ અને ૩ તરફે વિ.વ.શ્રી................એમ. વાય. પટેલ// |
| // આરોપી નં. ૨ ની ગેરહાજરીમાં ક્રિ.પ્રો.કોડની કલમ–૨૯૯ મુજબ // |

**:: જજમેન્ટ ::**

## (૧) ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકિકત :–

ફરીયાદપક્ષની કેસની ટૂંકમાં હકિકત એવી છે કે, તા. ૦૪/૧૧/૨૦૨૨ ના કલાક ૧૪:૩૦ થી ૧૮:૩૦ દરમ્યાન મોજે. સુવા ચોકડીથી ગલેન્ડા ગામ તરફ જતા રોડ ઉપર આદીત્ય ઈન્ફ્રા. કંપની તરફ જવાના ખુણા પાસેના કેનાલના નાળા ઉપર, તા. વાગરા, જિ. ભરૂચ ખાતે આ કામના ઉપરોકત ત્રણેય આરોપી પૈકી આરોપી નં. ૧ તથા આરોપી નં. ૨ નાઓએ એકબીજાના મેળાપીપણામાં અગાઉથી ઘડેલ પ્લાન મુજબ ગુનાહીત કાવતરુ રચી આરોપી નં. ૧ નાએ વિશાલ એન્ટ્રપ્રાઈઝ કંપનીના રૂ.૪,૧૨,૦૦૦/– ના નિકળતા રૂપિયા અગાઉથી મેળવી લઈ કંપનીમાં જમા નહીં કરાવી પોતાના અંગત કામમાં વાપરી નાખી તેમજ કંપનીએ પૈસાની ઉઘરાણી કરતા પોતાને રૂપિયા જમા ન કરાવવા પડે તે માટે આરોપી નં. ૩ નાને

કમિશન પેટે રૂપિયા ૯,૩૦૦/– ની બક્ષીશ આપેલ હોય જેનો લાભ લઈ ફરિયાદી સાથે વાત કરી આરોપી નંબર. ૧ યશપાલભાઇ હસમુખભાઇ શિયાળ સાથે નાણા મોકલેલ હોવાનો ખોટો ફોન કરાવી તેમજ આરોપી નં. ૩ ભેમજીભાઈ ઉર્ફે ભરતભાઈ લાધાભાઈ પટેલ નાઓએ જે તે સમયે આરોપી નં. ૧ યશપાલભાઇ હસમુખભાઇ શિયાળને નાણા ચુકવી દિધેલ હોવાની ફરિયાદીની કંપનીથી હકીકત છુપાવી અને આરોપી નં. ૧ અને આરોપી નં. ૨ નાએ ગુનાહીત કાવતરુ રચી રૂ.૪,૧૨,૦૦૦/– ની મતાની લૂંટની ખોટી હકીકત ઉપજાવી કાઢી પોલીસને તથા ફરિયાદીને ગેરમાર્ગે દોરી તથા પોલીસ સમક્ષ ખોટા પુરાવા આપી કંપની સાથે ગુનાહીત ઉચાપત કરી આરોપીઓએ ઈ.પી.કો. કલમ–૪૦૮, ૨૦૩, ૧૨૦(બી) મુજબનો શિક્ષાને પાત્ર ગુનાઓ કર્યાનો આરોપ છે.

**(૨) પોલીસ કાર્યવાહી :–**

આમ, ઉપરોકત હકિકત મુજબની ફરીયાદ ફરીયાદીએ દહેજ પોલીસ સ્ટેશનમાં દાખલ કરતાં દહેજ પો.સ્ટે. ગુ.ર.નં. પાર્ટ–એ ૧૧૧૯૯૦૧ ૬૨૨૦૮૮૩/૨૦૨૨ થી ગુનો દાખલ કરેલ, જે ફરીયાદના કામે તપાસ કરનાર અમલદારશ્રીએ આરોપીઓ વિરુધ્ધની દહેજ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલા ગુનાની સંપૂર્ણ તપાસ કરી, લાગતા વળગતા સાહેદોનાં નિવેદનો મેળવીને તપાસના અંતે આ કામના આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવા મળી આવતા ઈ.પી.કો કલમ–૪૦૮, ૨૦૩, ૧૨૦(બી) મુજબનાં ગુનાની ચાર્જશીટ નામ. કોર્ટમાં દાખલ

કરેલ છે.

## (૩) કોર્ટ કાર્યવાહી :–

આ કામે ત.ક.અધિકારીશ્રી દવારા આરોપી અત્રેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કર્યા બાદ આરોપીઓને સમન્સ કાઢવામાં આવતા આરોપી નં. ૧ અને આરોપી નં. ૩ તેમના વિદ્વાન વકિલશ્રી મારફત અદાલતની રૂબરૂ ઉપસ્થિત થતા આરોપીઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૭ મુજબ પોલીસ તપાસના કાગળોની નકલ વિના મુલ્યે આપ્યા બાદ સદર ગુનો વોરંટ ટ્રાયેબલ હોય તે મુજબની કાર્યવાહી અપનાવવામાં આવેલ અને આરોપીઓ સામે **આંક–૨૧** થી તહોમતનામુ ફરમાવી આરોપી નં. ૧ નાઓનુ સ્ટેટમેન્ટ **આંક–૨૨** અને આરોપી નં. ૩ નાઓનુ સ્ટેટમેન્ટ **આંક–૨૩** મુજબ લેતા આરોપીઓએ ગુનાનો ઈન્કકાર કરેલો, જેથી સદર કામ પુરાવા પર રહેલ.

આ કામે ત. ક. અધિકારીશ્રી દવારા આરોપીઓસામે નામ. કોર્ટમાં ચાર્જશીટ દાખલ કર્યા બાદ આરોપી નં. ૨ નાઓને ઘણી વખત સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ, સદર સમન્સ એક યા બીજા કારણોસર વગર બજે પોલીસ એજન્સી દવારા પરત કરવામાં આવેલ છે. સદર કેસ જુનો હોય કાયદાની જોગવાઈ મુજબ સદર કેસ પૂર્ણ કરવાની સમયમર્યાદા કાયદામાં આપવામાં આવેલ છે, પરંતુ પોલીસ દવારા આરોપી નં. ૨ ને અદાલત સમક્ષ હાજર રાખવામાં નિષ્ફળ ગયેલ હોવાથી સદર કેસ સમયમર્યાદામાં પૂર્ણ કરી શકાયેલ નથી. વધુમાં આરોપી નં. ૨ નાં જામીનદારને નોટીસ ઈસ્યુ કરતા જામીનદાર પણ આરોપી નં. ૨ ને અદાલત સમક્ષ

હાજર રાખવામાં નિષ્ફળ ગયેલ છે. આવા સંજોગોમાં હાલમાં નામ. હાઈકોર્ટ દવારા જુનો કેસો જેમ બને તેમ જલ્દી પુરા કરવા સુચનાં આપેલ છે. વધુમાં આરોપી નં. ૨ ની ગેરહાજરીમાં ટ્રાયલ ચલાવવા માટેની જોગવાઈ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૯૯ માં કરવામાં આવેલ છે. તદઉપરાંત નામ. ગુજરાત હાઈકોર્ટે પણ સરક્યુલર નં . સી/૨૬૧૮/૧૬ તા. ૦૫/૦૭/૧૬ થી ક્રિ.પ્રો.કોડની કલમ–૨૯૯ તથા કલમ–૩૫૩(૬) ની જોગવાઈઓ ધ્યાને લઈ જુના કેસો પૂર્ણ કરવાનું સુચન કરેલ છે, જેથી હાલનાં કેસનાં સંજોગો તથા હકિકતો ધ્યાને લેતા સદર કેસ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૯૯ મુજબ આરોપી નં. ૨ ની ગેરહાજરીમાં ટ્રાયલ ચલાવવાનો આંક–૦૧ લગત તા. ૦૮/૦૧/૨૬ નાં રોજ હુકમ કરવામાં આવેલ. જેથી સદર કામ પુરાવા પર રહેલ.

–આ કામે પક્ષકારો વચ્ચે સમાધાન થતા આ કામના ફરીયાદી દવારા આદિત્ય ઈન્ટ્રા નામની ભાગીદારી પેઢીના ભાગીદાર તરીકે પેઢીની ઓથોરીટી રજુ કરી પક્ષકારો દવારા આંક–૨૪ થી આ કામે સમાધાન કરવા પરવાનગી અરજી રજુ કરતા અને સાથે આંક–૨૫ થી સમાધાન પુરસીસ રજુ રાખેલ જે સમાધાન સ્વૈચ્છીક જણાતા પક્ષકારોને ઈ.પી.કો. કલમ–૪૦૮ ના ગુનામાં ક્રિ.પો.કોડ કલમ–૩૨૦(૨) થી સમાધાનપાત્ર હોય, સમાધાન માટે પરવાનગી મંજુર કરી આ કામના આરોપીઓને ઈ.પી.કો. કલમ–૪૦૮ ના ગુનામાં ક્રિ.પ્રો.કોડ કલમ–૩૨૦(૨)

અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલ. જયારે ઈ.પી.કો. કલમ–૨૦૩, ૧૨૦(બી) ના ગુના સમાધાનપાત્ર ન હોય, તે સબબ, કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**(૪) ફરીયાદપક્ષનો પુરાવો :–**

ફરીયાદપક્ષ તરફે પોતાનાં કેસનાં સમર્થનમાં નીચે મુજબનાં મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે, જે નીચે મુજબ છે.

**મૌખીક પુરાવો**

| **ક્રમ** | **સાહેદ** | **આંક** |
|---|---|---|
| ૧ | ફરીયાદી ઈમરાન હુસેન ઈકબાલભાઈ ડમરીની જુબાની | ૨૬ |

**દસ્તાવેજી પુરાવો**

| **ક્રમ** | **દસ્તાવેજ** | **આંક** |
|---|---|---|
| ૧ | અસલ ફરીયાદ | ૨૭ |
| ૨ | ગુનાવાળી જગ્યાનાં પંચનામાની ખરી નકલ | ૨૮ |
| ૩ | ડીસ્કવરી પંચનામુ | ૨૯ |

આ સિવાય ફરીયાદપક્ષે અન્ય કોઈ પુરાવો આપેલ નથી અને ફરીયાદ પક્ષ તરફે **આંક–૩૦** થી રજુ કરેલ કલોઝીંગ પુરસીસના આધારે ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

## (૫) બચાવપક્ષનો પુરાવો :–

ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં આ કામે આરોપીઓનું સી.આર.પી.સી.ની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન લેવા જેટલો પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોય, તે સંજોગોમાં આરોપીઓનુ વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી.

## (૬) દલીલો :–

સદર કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી જે.જી.વસાવાની તથા આરોપી નં. ૧ અને ૩ તરફે વિ.વ.શ્રી એમ. વાય. પટેલની મૌખિક દલીલો સાંભળી.

(૭) આ કામે ઉભય પક્ષકારો તરફે કરવામાં આવેલ દલીલો, ફરીયાદ તથા રેકર્ડ ઉપર આવેલ પુરાવો વંચાણે લેતા હાલનાં કેસનાં નિર્ણય માટે આ અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>–: મુદ્દાઓ :–</u>**

**<u>મુદ્દા નં.૧</u>** :– શું ફરીયાદ પક્ષ એ હકિકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા. ૦૪/૧૧/૨૦૨૨ ના કલાક ૧૪:૩૦ થી ૧૮:૩૦ દરમ્યાન મોજે. સુવા ચોકડીથી ગલેન્ડા ગામ તરફ જતા રોડ ઉપર

આદીત્ય ઈન્ફ્રા. કંપની તરફ જવાના ખુણા પાસેના કેનાલના નાળા ઉપર, તા. વાગરા, જિ. ભરૂચ ખાતે આ કામના ઉપરોકત ત્રણેય આરોપી પૈકી આરોપી નં. ૧ તથા આરોપી નં. ૨ નાઓએ એકબીજાના મેળાપીપણામાં અગાઉથી ઘડેલ પ્લાન મુજબ ગુનાહીત કાવતરુ રચી આરોપી નં. ૧ નાએ વિશાલ એન્ટ્રપ્રાઈઝ કંપનીના રૂ.૪,૧૨,૦૦૦/– ના નિકળતા રૂપિયા અગાઉથી મેળવી લઈ કંપનીમાં જમા નહીં કરાવી પોતાના અંગત કામમાં વાપરી નાખી તેમજ કંપનીએ પૈસાની ઉઘરાણી કરતા પોતાને રૂપિયા જમા ન કરાવવા પડે તે માટે આરોપી નં. ૩ નાને કમિશન પેટે રૂપિયા ૯,૩૦૦/– ની બક્ષીશ આપેલ હોય જેનો લાભ લઈ ફરિયાદી સાથે વાત કરી આરોપી નંબર. ૧ યશપાલભાઈ હસમુખભાઈ શિયાળ સાથે નાણા મોકલેલ હોવાનો ખોટો ફોન કરાવી તેમજ આરોપી નં. ૩ ભેમજીભાઈ ઉર્ફે ભરતભાઈ લાધાભાઈ પટેલ નાઓએ જે તે સમયે આરોપી નં. ૧ યશપાલભાઈ હસમુખભાઈ શિયાળને નાણા ચુકવી દિધેલ હોવાની ફરિયાદીની કંપનીથી હકીકત છુપાવી અને આરોપી નં. ૧ અને આરોપી નં. ૨ નાએ ગુનાહીત કાવતરુ રચી રૂ.૪,૧૨,૦૦૦/– ની મતાની લૂંટની ખોટી હકીકત ઉપજાવી કાઢી પોલીસને તથા ફરિયાદીને ગેરમાર્ગે દોરી તથા પોલીસ સમક્ષ ખોટા પુરાવા આપી કંપની સાથે ગુનાહીત ઉચાપત કરી આરોપીઓએ ઈ.પી.કો. કલમ–૪૦૮,

૨૦૩, ૧૨૦(બી) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કર્યો છે ?

**મુદ્દા નં.૨** :– શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓના મારા મત મુજબ નિર્ણય તથા કારણો નીચે મુજબ છે.

**–: નિર્ણયો :–**

**મુદ્દા નં. ૧** :– નકારમાં.

**મુદ્દા નં. ૨** :– આખરી હુકમ મુજબ

**–: કારણો :–**

**મુદ્દા નં.૧**

(૯) આ કામે ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં સૌપ્રથમ ફરીયાદી ઈમરાન હુશેન ઈકબાલભાઈ ડમરીને **આંક–૨૬** થી તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, તેઓ આદિત્ય ઈન્ફ્રા નામની રેડીમીકસ કોંક્રિટ માટેની કંપની ચલાવે છે આ કંપનીમાં તેઓ ત્રણ ભાગીદારો છે જેમાં તેઓ તથા વિરેન્દ્રસિંહ બારીયા અને અજીતભાઈ જાબવાલા છે.

બનાવ સને ૨૦૨૨ માં બનેલો. બનાવમાં તેઓની કંપનીમાં નોકરી કરતા યશપાલભાઈ હસમુખભાઈ શિયાળ અને પવનકુમાર ઓમપ્રકાશનાઓને વિશાલ એન્ટરપ્રાઈઝમાં તેઓની બાકી નીકળતી રકમ રૂા. ૪,૧૨,૦૦૦ લેવા માટે મોકલેલા અને વિશાલ એન્ટરપ્રાઈઝમાં નોકરી કરતા ભીમજીભાઈ લધાભાઈ પટેલ તે કંપનીના મેનેજર હતા તેમની પાસેથી આ રકમ લીધેલી અને તે રકમ લીધેલી અને તે રકમ તેઓની કંપનીમાં જમા કરાવવાની હતી પરંતુ તે દિવસે જમા કરાવેલી નહી અને ત્યારબાદ તેઓએ આ બંને જણનો સંપર્ક કરેલો અને જાણવા મળેલ કે, આ બંને જણ પોતાના કૌટુંબિક કામ અર્થે વતનમાં જવાનુ થતા જતા રહેલા જેથી તેઓની કંપનીમાં આ રકમ જમા નહી થતા તેઓએ પોલીસ ફરીયાદ કરેલી. તેઓને અસલ ફરીયાદ બતાવવામાં આવતા તે જોઈને તેઓ ફરીયાદી તરીકે તેઓની સહી ઓળખી બતાવતા હોય, સદર ફરીયાદ **આંક–૨૭** થી રજુ કરવામાં આવેલ છે. ત્યારબાદ તેઓની કંપનીમાં નોકરી કરતા યશપાલ હસમુખ શિયાળ અને પવન ઓમપ્રકાશ નાઓએ આ રકમ તેઓની કંપનીમાં જમા કરાવી દીધેલી. સદર ફરીયાદી ફરીયાદપક્ષને સમર્થન કરતા ન હોય, વિ.એ.પી.પી.શ્રી ની વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરી વિ.એ.પી.પી.શ્રી ની વિગતવારની ઉલટતપાસમાં પણ તેઓએ ફરીયાદ હકિકતોનો ઈન્કાર કરેલ છે.

ત્યારબાદ, ફરીયાદીની આરોપી નં. ૧ અને ૨ ના વિ.વ.શ્રીએ કરેલી

ઉલટતપાસમાં એ હકિકત કબુલ કરે છે કે, વિશાલ એન્ટરપ્રાઈઝ પાસેથી જે રકમ લેવાની હતી તે રકમ સમયસર તેઓની કંપનીને મળી ગયેલી. તેઓની કંપનીમાં કામ કરતા યશપાલ શિયાળ અને પવન ઓમપ્રકાશ નાઓને પોતાના કૌટુંબિક કારણોસર અચાનક પોતાના વતનમાં જવાનુ થયેલ હોય, જેથી આ રકમ તેઓની કંપનીને તાત્કાલીક જમા નહી મળતા તેઓએ શંકાના આધારે આરોપીઓ વિરુધ્ધ પોલીસને જાણ કરેલી. આરોપીઓ સાથે તેઓની કંપનીએ તેઓને અધિકાર પત્રની રૂએ ઘરમેળે સમાધાન કરેલ છે. આ કામના આરોપીઓએ તેઓની કંપની વિરુધ્ધ કોઈ ગુનાહિત કાવતરુ રચેલ હોય તેવી જાણકારી તેઓને મળેલ નહી. તેઓ એ હકિકત કબુલ કરે છે કે, તેઓને હાલનો કેસ આગળ ચલાવવાનો નથી.

**(૧૦)** ફરીયાદપક્ષે **આંક–૨૮** થી ગુનાવાળી જગ્યાનુ પંચનામુ તેમજ **આંક–૨૯** થી ડિસ્કવરી પંચનામુ રજુ કરેલ છે.

**(૧૧)** આરોપીઓ સામે હાલનો કેસ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મુળભુત સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે અને જયાં સુધી આરોપી સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવુ જોઈએ. વધુમા ફરીયાદપક્ષ

આરોપી સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે આક્ષેપ ફરીયાદ પક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવુ જોઈએ.

**(૧૨)** આમ, ફરીયાદપક્ષે રજુ થયેલો સમગ્ર પુરાવો વંચાણે લેતા, આ કામે **આંક–૨૬** થી તપાસેલ ફરીયાદી ઈમરાન હુશેન ઈકબાલભાઈ ડમરીનો પુરાવો જોવામાં આવે તો, તેઓ જણાવે છે કે, બનાવમાં તેઓની કંપનીમાં નોકરી કરતા યશપાલભાઈ હસમુખભાઈ શિયાળ અને પવનકુમાર ઓમપ્રકાશનાઓને વિશાલ એન્ટરપ્રાઈઝમાં તેઓની બાકી નીકળતી રકમ રૂા. ૪,૧૨,૦૦૦ લેવા માટે મોકલેલા અને વિશાલ એન્ટરપ્રાઈઝમાં નોકરી કરતા ભીમજીભાઈ લઘાભાઈ પટેલ તે કંપનીના મેનેજર હતા તેમની પાસેથી આ રકમ લીધેલી અને તે રકમ લીધેલી અને તે રકમ તેઓની કંપનીમાં જમા કરાવવાની હતી પરંતુ તે દિવસે જમા કરાવેલી નહી અને ત્યારબાદ તેઓએ આ બંને જણનો સંપર્ક કરેલો અને જાણવા મળેલ કે, આ બંને જણ પોતાના કૌટુંબિક કામ અર્થે વતનમાં જવાનુ થતા જતા રહેલા જેથી તેઓની કંપનીમાં આ રકમ જમા નહી થતા તેઓએ પોલીસ ફરીયાદ કરેલી. તેવી હકિકત રેકર્ડ ઉપર આવેલ છે. સદર ફરીયાદી પોતે જ ફરીયાદ હકિકતને લેશમાત્ર સમર્થન કરતા ન હોય, હોસ્ટાઈલ જાહેર થયેલ છે. તેમજ બચાવપક્ષે કરેલી ઉલટતપાસમાં તેઓ એ હકિકત કબુલ કરે છે કે, વિશાલ એન્ટરપ્રાઈઝ પાસેથી

જે રકમ લેવાની હતી તે રકમ સમયસર તેઓની કંપનીને મળી ગયેલી. તેઓની કંપનીમાં કામ કરતા યશપાલ શિયાળ અને પવન ઓમપ્રકાશ નાઓને પોતાના કૌટુંબિક કારણોસર અચાનક પોતાના વતનમાં જવાનુ થયેલ હોય, જેથી આ રકમ તેઓની કંપનીને તાત્કાલીક જમા નહી મળતા તેઓએ શંકાના આધારે આરોપીઓ વિરુધ્ધ પોલીસને જાણ કરેલી. તેમજ એ હકિકત પણ કબુલ કરે છે કે, આરોપીઓ સાથે તેઓની કંપનીએ તેઓને અધિકાર પત્રની રૂએ ઘરમેળે સમાધાન કરેલ છે. ઉપરાંત આ કામના આરોપીઓએ તેઓની કંપની વિરુધ્ધ કોઈ ગુનાહિત કાવતરુ રચેલ હોય તેવી જાણકારી તેઓને મળેલ નહી. તેમજ તેઓને હાલનો કેસ આગળ ચલાવવો ન હોવાનું રેકર્ડ ઉપર આવેલ છે. આમ, સમગ્ર પુરાવો ધ્યાને લેતા હાલનાં ફરીયાદીના રોકડ રકમ આરોપીઓએ તે દિવસે જમા કરાવેલી નહી હોવાની હકિકત જણાઈ આવે છે, પરંતુ હાલનાં આરોપીઓએ બાદમાં આ રકમ સમયસર ફરીયાદીની કંપનીમાં જમા કરાવેલ હોવાની હકિકત રેકર્ડ ઉપર આવેલ છે. તેમજ ફરીયાદીએ શંકાના આધારે આરોપીઓ વિરુધ્ધ પોલીસને જાણ કરેલી તેવી હકિકત કબુલ કરે છે.

**(૧૩)** આમ, ફરીયાદપક્ષે રજુ થયેલો સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, ફરીયાદપક્ષ હાલનાં આરોપી સામે આક્ષેપાયેલા ગુનાનાં આવશ્યક તત્વો

મુજબનો પુરાવો રજુ કરી શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. આ સંજોગોમાં ફરીયાદપક્ષ પોતાનાં કેસની હકિકતો પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોય, જેથી **મુદ્દા નં.૧ નો જવાબ ''નકારમા''** ઠરાવી **મુદા નં. ૨** પરત્વે ન્યાયનાં વિશાળ હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: આ ખ રી હુ ક મ ::–

(૧) આ કામના આરોપીઓ **(૧) યશપાલભાઈ હસમુખભાઈ શિયાળ,** હાલ રહે. પુષ્ટી હોસ્પીટલ, વિશ્રામ કોમ્પલેક્ષ, ઝાડેશ્વર, તા. જિ. ભરૂચ. મુળ રહે. મકાન નં. ૫૯, મીરા પાર્ક સોસાયટી, ક્રિષ્ના ટાઉનશીપની પાસે, ઘોઘા જકાતનાતા, તા. જિ. ભાવનગર. **(૨) પવનસિંહ ઓમપ્રકાશસિંગ રાણા,** હાલ રહે. ગલેન્ડા, આદીત્ય ઈન્ફ્રા. કંપનીમાં, તા. વાગરા, જિ. ભરૂચ. મુળ રહે. લાડપુર, મકાન નં. ૬૮, પોસ્ટ ઘોસી, થાના–કોપાગંજ, જિ. મહુ, (ઉતરપ્રદેશ) **(૩) ભેમજીભાઈ ઉર્ફે ભરતભાઈ લાધાભાઈ પટેલ,** હાલ રહે. બી/૪૧, મંગલજોત સોસાયટી, શ્રવણ ચોકડી, ભરૂચ. મુળ રહે. ટોભા પટેલવાસ, પોસ્ટ. બાલુત્રી, તા. વાવ, થાના–માવસરી, જિ.બનાસકાંઠાનાઓને ક્રિમીનલ પ્રોસી. કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો. કલમ–૨૦૩, ૧૨૦(બી) મુજબનાં સજાપાત્ર ગુનામાંથી નિર્દોષ

ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીઓના ખત તથા જામીનખત ૬ માસ બાદ રદ ગણવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજરોજ **તારીખ : ૩૦ મી, માહે : માર્ચ, સને : ૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

| | |
|---|---|
| તા. ૩૦/૦૩/૨૦૨૬<br>સ્થળ : વાગરા | **( આર. સી. સોઢાપરમાર )**<br>એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ, વાગરા,<br>કોડ નં. જી.જે. ૦૧૧૫૮ |